મહત્તમ : ૩૭.૦ ડીગ્રી
લઘુતમ : ૨૦.૮ ડીગ્રી
ભેજ
સવારે ૫૮ ટકા ● સાંજે ૩૩ ટકા
ગાંધીનગર તાપમાન

ઉદગમ દ્વારા સે-૨ પ્રાથમિક શાળામાં આરોગ્ય તપાસણી કેમ્પ

ગાંધીનગર, તા.૮

સમાજ સેવાનો ભેખ ધારણ કરીને ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ, છેલ્લા ૨૫ વર્ષથી સામાજિક ક્ષેત્રે સતત કાર્ય કરી રહ્યું છે. ઉદગમ દ્વારા ઘણા વર્ષોથી સરકારી પ્રાથમિક શાળાના બાળકોને શિક્ષણમાં આગળ વધવા વિવિધ પ્રવુતિઓના માધ્યમથી પ્રોત્સાહિત કરે છે અને તેઓના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહીને કાર્ય કરે છે. ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા, મિશન બ્રેઈન ઇન્ડિયા" વેસ્ટ ઝોન ચેપ્ટરના સહકારથી ગાંધીનગરની સરકારી પ્રાથમિક શાળા, સેક્ટર-૨ ખાતે "શાળાના બાળકોની "નિઃશુલ્ક આરોગ્ય ચકાસણી" કાર્યક્રમનું આયોજન કરમાવામાં આવ્યું હતું. ઉદગમના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. મયુર જોષીએ તેમના સ્વાગત પ્રવચનમાં ઉદગમના સેવાકાર્યોની માહિતી આપતા જણાવ્યું હતું કે ઉદગમ દ્વારા જરુર જણાય ત્યાં, નગરની સરકારી પ્રાથમિક શાળાઓના વંચિત બાળકોના ભવિષ્ય નિર્માણ સારું સતત કાર્ય કરવામાં આવે છે, તેના ભાગ રૂપે સેક્ટર-૨ સરકારી પ્રાથમિક શાળાના બાળકોની "નિઃશુલ્ક આરોગ્ય ચકાસણી" કાર્યક્રમનું સુપેરે આયોજન કરવમાં આવેલ હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગર મનપા ના વોર્ડ નં. ૯ ના નગરસેવક રાજુભાઈ પટેલએ હાજરી આપીને ટીમ ઉદગમને પ્રોત્સાહિત કરી, ભવિષ્યમાં સેવા કાર્યમાં પોતાના પૂરા સહકારની ખાત્રી આપી હતી. નિઃશુલ્ક આરોગ્ય ચકાસણી કાર્યક્રમમાં શાળાના ૧૭૬ બાળકોની બાળરોગ-નિષ્ણાંત ડૉકટરો દ્વારા, સામાન્ય આરોગ્ય ચકાસણી, દાંત, કાન-નાક-ગળાના સર્જન, ચામડીના રોગોના નિષ્ણાતો દ્વારા ચકાસણી કરવામાં આવી હતી. ચકાસણી બાદ બાળકોને સ્વાસ્થ્યને લગતી જરૂરી પ્રાથમિક માહિતી આપી, મદદ અને જરૂરી ફોલોઅપ ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવશે, તેની ખાત્રી આપી હતી. સમગ્ર નિઃશુલ્ક આરોગ્ય ચકાસણી કાર્યક્રમને સફળ બનાવવા માટે ડૉ. સૌમ્ય જોશી, ડો.કેનીશા શાહ, બાળરોગ-નિષ્ણાત ડૉ. દક્ષમ, ડૉ. નિહાર ગોસાઈ, ડો. કાજલ દેસાઈ અને મેડિકલના ૨૮ વિધાર્થીઓએ સેવા આપી હતી. સાથોસાથ ઉદગમ ટ્રસ્ટના મનોજભાઈ જોષી, જયપ્રકાશ ભાઈ ભટ્ટ, આશાબેન સરવૈયા, હિમાંશુ મકવાણા, શાળા આચાર્ય મીનાક્ષીબેન ઉપાધ્યાય અને શાળા પરિવાર એ ખુબ જહેમત ઉઠાવી બાળ આરોગ્ય ચકાસણી કાર્યક્રમ ને સફળતાના શિખર પર ચડાવી દીધો હતો. કલ્પનાબેન ત્રિવેદી અને પ્રજ્ઞાબેન પટેલ ખાસ હાજરી આપીને સહકાર આપ્યો હતો. કાર્યક્રમના અંતમાં તમામ બાળકોને પૌષ્ટિક દૂધ અને જ્યુસ નું વિતરણ કરી બાળકોને ખુશ કરી દીધા હતા.

એસટી ડેપો ખાતે પોલીસ ચોકી બનાવવા માટે વસાહત મહાસંઘની રજુઆત

ગાંધીનગર, તા.૮

ગાધીનગર શહેર વસાહત મહાસંઘના હોદેદારો પમુખ કેશરીસિહ બિહોલા, મહામંત્રી રાજેન્દ્રભાઈ પારેખ હોદેદારો સી કે સોની, જગદીશભાઈ પટેલ, જશવંતસિંહ રાઠોડ, ધીરુભાઈ ચારણ, વિઠ્ઠલભાઈ પરમાર, પ્રવિણસિંહ સિસોદીયા વગેરે ગાધીનગર એસટી ડેપો મેનેજરને એસટી ડેપો ખાતે દિનપ્રતિદિન ચોરીઓના બનાવો, પૈસાનું પોકેટ, મોબાઈલ, સોનાની ચેનો, દાગીના વગેરે ગઠીયા ખિસ્સા કાતરુ દ્વારા હાથ મારી ચોરી લેવામાં આવે છે જેને રોકવા માટે ગુજરાત રાજ્યના ગૃહ રાજ્યમંત્રીને એસ ટી ડેપો ખાતે પોલીસ ચોકીની વ્યવસ્થા કરવા માટે સંસ્થા દ્વારા રજુઆત કરવામાં આવી છે.

આજે સવારે ૧૧ કલાકે એસટી ડેપો મેનેજરને રુબરુ મળીને એક પત્ર આપવામાં આવ્યો તેઓ દ્વારા આ ચોરીના બનતા બનાવો રોકવા માટે કાર્યવાહી કરવામાં આવે તથા વિભાગને પોલીસ ચોકીની વ્યવસ્થા કરવા માંટે દરખાસ્ત કરવા જણાવ્યું તથા શહેરમાં નાગરિકોને એસટી બાબતે મુસાફરોને તકલીફ પડે નહીં અને સમયસર ઉપાડવામાં આવે અને જરૂર જણાય તયા એસટી બસો વધારવામાં આવે સદરહુ એસટી બસની સમસ્યાઓના ઉકેલ માટે મેનેજર સાથે બેઠક યોજાઈ હતી.

કહે છે ને કે પેટ કરાવે વેઠ... કારમી મોંઘવારીમાં પરિવારનું ગુજરાન ચલાવવુ દિન પ્રતિદિન મુશ્કેલીભર્યુ બની રહ્યુ છે. ત્યારે રોજગાર માટે અનેક કીલોમીટર દૂર જઈને નોકરી કે વ્યવસાય કરનારા આપણી આસપાસ જ જોવા મળી જાય છે. ઘર સજાવટની ચીજવસ્તુઓ અને સુશોભિત ફૂલો વેચતો આ પરિવાર વતનથી દૂર અહીં રોજગારની તલાશમાં આવ્યો છે. શહેરના સંપન્ન વિસ્તારોમાં તેઓ સુશોભિત ફૂલો વેચી પરિવારનું ગુજરાન ચલાવે છે.

નેચર ફર્સ્ટ દ્વારા સે-૧૭ હનુમાન મંદિર વિસ્તારમાંથી પ્લાસ્ટિક હટાવાયું

ગાંધીનગર, તા.૮

નેચર ફર્સ્ટ ૮૭માં શનિવારના પ્લાસ્ટિક મુક્ત ગાંધીનગર સેક્ટર ૧૭ હનુમાન કથાના મેદાન પર અભિયાન કરવામાં આવ્યું હતું.

જેમાં નારણભાઈ પટેલ, જીલુભા તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા. નેચર ફસ્ટની ટીમ પણ હાજર હતી. નારાયણભાઈ પટેલે પ્રસંગોચિત ઉદબોધન કર્યું હતું અને સાથે સાથે હનુમાન કથાના અગ્રણીઓ પણ ઉપસ્થિત હતા. એન.પી પટેલ દ્વારા તથા ટીમના મોટાભાગના સભ્યો હાજર હતા. આજ કાર્યકર્મા હેપી યુથ કલબના સમીરભાઈ રામી તથા ભાવનાબેન પણ ઉપસ્થિત રહ્યા હતા અને તેમને પણ બધાને પક્ષીઘર ચકલી ઘરનું વિતરણ કરવામાં આવ્યું હતું. ખુબ સરસ કાર્ય નાનું છે પણ એનું મહત્વ બહુ મોટું છે અને આ સંદેશો જાય ગાંધીનગરની પ્રજા પણ જાગૃત થાય તે માટે જીલુભા ખાસ અપીલ કરેલી હતી.

ઉમિયા મહિલા પરિવાર ગાંધીનગર દ્વારા પ્રવાસ યોજાયો

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર સ્થિત ઉમિયા મહિલા પરિવાર દ્વારા દર વર્ષે મીની પ્રવાસ નું આયોજન કરવામાં આવે છે. ત્યારે મહિલા અગ્રણી તરુલતાબેન ભરતભાઈ અને સુધાબેન અશોકભાઈ પટેલ વકીલની રાહબરી હેઠળ ઊંઝા સુંધા માતા માઉન્ટ આબુ અને અંબાજી સ્થળોએ ઉપ મહિલાઓ સહિત પ્રવાસમાં જોડાયા હતા. જેમાં વહેલી સવારે ઊંઝા કડવા પાટીદારની કુળદેવી ઉમિયા માતાજીની આરતીનો લ્હાવો લઈ દર્શન કર્યા હતા. ત્યારે બાદ સુંધા માતાજી મંદિરે રોપ વે દ્વારા દર્શન કર્યાં હતા. માઉન્ટ આબુએ સનસેટના દશ્યોનો નઝારો માણ્યો હતો. રાત્રી રોકાણ બાદ અંબાજી રોપ વે દ્વારા ગબ્બર જઈ જગતજનની જગદંબાના દર્શન કરીને ધન્યતા અનુભવી હતી. સમગ્ર પ્રવાસ ખૂબ આનંદ ઉમંગભેર માણી પરત ફર્યા હતા.

સેક્ટર-૨૫ સહકાર કોલોની ખાતે સંગીતમય સુંદરકાંડ પાઠ યોજાયો

શ્રી હનુમંત પ્રાગટ્ય મહોત્સવ અંતર્ગત હનુમાન જયંતિ નિમિત્તે સેક્ટર-૨૫, સહકાર કોલોની નવરાત્રિ ચોક ખાતે વક્તા પાર્થ શાસ્ત્રીના મધુર કંઠે સંગીતમય સુંદરકાંડ પાઠનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સુંદરકાંડ પાઠનો લાભ લેવા ગાંધીનગરના સર્વ નગરજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા તથા હનુમાનજીના જન્મોત્સવની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી અને ભક્તોમાં પણ અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો તથા સૌ નગરજનોએ મહાઆરતી ઉતારવાનો લાભ લીધો હતો.

ઓપન ગુજરાત સ્ટેટ ટેકવોન્ડો ચેમ્પિયનશીપમાં તૃતિય ક્રમે વિજેતા

ગાંધીનગર, તા.૮

ઓપન ગુજરાત સ્ટેટ ટેકવોન્ડો ચેમ્પિયનશીપમાં હીર સોલંકીએ તૃતીય સ્થાન પ્રાપ્ત કરીને ટ્રોફી મેળવી હતી. ઓપન ગુજરાત સ્ટેટ ટેકવોન્ડો ચેમ્પિયનશીપ-૨૦૨૩નું તાજેતરમાં સમર્પણ પબ્લીક સ્કૂલ, સેક્ટર-૨૮, ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં હીર સોલંકીએ નીલ ટેકવોન્ડો એકેડમીના કોચ નીલ પટેલના માર્ગદર્શન હેઠળ સબ જુનિયર વુમન કેટેગરીના અંડર-૨૯ કીલોગ્રામ વજન વર્ગની ઈવેન્ટમાં ભાગ લઈ તેમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરીને ટ્રોફી મેળવી હતી.

માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો યોજાયો હતો જેમાં ભક્તિભાવ પૂર્વક આનંદના ગરબાનો લાભ સૌ કોઈએ લીધો હતો.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.દરજી ચંપાબેન હસમુખલાલ ઉ.વ.૬૬, પાલજ
- સ્વ.દવે પૂર્ણિમા મહેશકુમાર ઉ.વ.૬૬, રાંદેસણ
- સ્વ.પંડ્યા સુરેશચંદ્ર જેઠાલાલ ઉ.વ.૮૩, ગાંધીનગર
- સ્વ.વહીયા ગૌરાંગભાઈ દેવીપ્રસાદ ઉ.વ.૬૩, ગાંધીનગર
- સ્વ.દેસાઈ મહાદેવભાઈ જયમલભાઈ ઉ.વ.૮૧, મહુન્દ્રા
- સ્વ.દરજી નટવરભાઈ શકરાભાઈ ઉ.વ.૬૩, ગાંધીનગર
- સ્વ.વાઘરી શારદીબેન મંગાભાઈ ઉ.વ.નારદીપુર
- સ્વ.ગાંગાણી લક્ષ્મણભાઈ હીરજીભાઈ ઉ.વ.૭૦, રાજકોટ

જન્મદિને વધામણી



હિરલ હિરેન ભટ્ટ
મોતી આર્ટીસ્ટ
મો. ૯૮૭૯૭ ૦૩૦૭૦

ભવ્ય રિતેષ સુખડીયા

પર્વ કેયુર શાહ
ફોન - ૨૩૨૨૩૬૯૧

વનશ્રી નીલકંઠ વ્યાસ
મો. ૯૯૨૫૦ ૭૯૭૦૭

બાબુભાઈ એમ. પટેલ
બ્રાન્ચ પ્રમુખ, જાયન્ટસ વેલ્ફેર ફાઉન્ડેશન, ૩-સી
મો. ૯૪૨૭૩ ૦૫૫૫૮

મનસુખલાલ સી. કાશીપરા

પર્વ કેયુર શાહ

રોમીલ સોની

રૂત્વીક વ્યાસ
મો. ૮૨૬૪૩ ૪૬૨૩૮

વિજય શર્મા
શ્રી રામ ચેરિટેબલ ટ્રસ્ટ
મો. ૯૮૯૮૫ ૮૮૩૧૧